ગાંધીનગર સમાચાર

ઘ-૨ પાસે કારે રીક્ષાને ગુલાંટી ખવડાવતા બે ને ઈજા

## @ગાંધીનગર

● સેક્ટર-૨૩ સ્થિત શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન ખાતે બપોરે ૧.૦૦ કલાકે ગાંધીનગર શાખાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓના તેજસ્વી તારલા પુરસ્કાર અર્પણ સમારોહ અને વાર્ષિકોત્સવ યોજાશે.

● શ્રી રામ સેવા ટ્રસ્ટ અને સુંદરધામ પરિવાર દ્વારા બપોરે ૨ થી ૫.૩૦ કલાક દરમિયાન સંજય ભારતી બાપુની વ્યાસપીઠે રામકથા યોજાશે.

● સેકટર-૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજ દ્વારા બપોરે ૧.૩૦ કલાકે ટાઉનહોલ ખાતે ટેલેન્ટ શૉ યોજાશે.

● સેકટર-૮ કેલોરેકસ પ્રિ. સ્કુલ દ્વારા શુક્રવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે દ્વિતિય વાર્ષિકોત્સવનો કાર્યક્રમ સે-૧૬ના રંગમંચ ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# જેએનયુ વિવાદના પડઘા ગાંધીનગરમાં...

## સે-૧૫માં એલડીઆરપી કોલેજ કેમ્પસના પ્રવેશદ્વાર સમક્ષ તથા સે-૨૮માં ઈજનેરી કોલેજ ખાતે ભાજપ મહાનગર એકમનું વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા.૧૮

દિલ્હીની જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી ખાતે તા. ૯મી ફેબ્રુઆરીએ રાષ્ટ્ર વિરોધી અને સંસદ હુમલાના ગુનેગાર આતંકવાદી અફઝલ ગુરૂના સમર્થનમાં થયેલા સુત્રોચ્ચારની ઘટના સમગ્ર દેશમાં ખુબ ચર્ચાસ્પદ બની છે અને ધીર ધીરે આ ઘટના પ્રત્યે રાષ્ટ્રવ્યાપી આક્રોશ વધી રહ્યો છે. સમગ્ર દેશને આઘાત પહોંચાડતી આ ઘટના પ્રત્યે દેશભરમાં નિંદા વ્યકત કરાઈ રહી છે. ગાંધીનગરમાં પણ ભારતીય જનતા પાર્ટીના મહાનગર એકમ દ્વારા સે-૧૫માં એલડીઆરપી કોલેજના પ્રવેશદ્વાર સામે તથા સે-૨૮માં ઈજનેરી કોલેજ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

જેએનયુ વિવાદ હવે પાટનગર સુધી પહોંચ્યો છે અને દેશભરમાંથી જેએનયુ ખાતે બનેલી રાષ્ટ્રવિરોધી સુત્રોચ્ચારની ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યાં છે. ગાંધીનગરમાં ભાજપના મહાનગર એકમ દ્વારા આ ઘૃણાસ્પદ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી હતી. સે-૧૫માં એલડીઆરપી કેમ્પસ ખાતે અને-૨૮માં ઈજનેરી કોલેજ ખાતે ભાજપના મહાનગર એકમના કાર્યકરોએ હાથમાં બેનરો સાથે સુત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ પ્રગટ કર્યો હતો. આ પ્રસંગે ભાજપના શહેર પ્રમુખ નીતિનભાઈ પટેલ તથા ગુડાના ચેરમેન આશિષભાઈ દવે સહિત અગ્રણી કાર્યકરો મોટી સંખ્યામાં વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. ભાજપના ગાંધીનગર મહાનગર અધ્યક્ષ નીતિનભાઈ પટેલે આ પ્રસંગે કાર્યકરો અને ઉપસ્થિત વિદ્યાર્થીઓ સમક્ષ જેએનયુની ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢતા જણાવ્યું હતું કે આ પ્રકારના કૃત્યોનો દેશના સમગ્ર નાગરિકોએ સાથે મળી ઉગ્ર વિરોધ કરવો જોઈએ જેથી ભવિષ્યમાં દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરતા તત્ત્વો પર અંકુશ મુકી શકાય.

આ કાર્યક્રમ યોજાયો ત્યારે એલડીઆરપી કોલેજના પ્રવેશ દ્વારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એકઠા થયા હતા જેના કારણે રોડ નં. ૫ પર થોડા સમય માટે ટ્રાફિક પણ થંભી જવા પામ્યો હતો. ભાજપના કાર્યકરોએ હાથમાં વિવિધ સૂત્રો લખેલા પ્લેકાર્ડ પકડયા હતા જેમાં 'અભિવ્યકિતની સ્વાતંત્ર્યતાં કયાં સુધી? જેએનયુને દેશ દ્રોહીઓથી બચાવો, દેશ સળગે અને હું ના બોલું તેવો હું ગદાર નથી, અફઝલ ગુરૂની સજાનો વિરોધ શહીદોનું અપમાન છે.' વગેરે સાથે રાહુલ ગાંધી અને કોંગ્રેસને નિશાન બનાવતા સૂત્રો પણ લખતા હતા.

આ પ્રસંગે કાર્યકરોએ કોંગ્રેસ હાય..હાય... સહિત રાહુલ ગાંધી દેશદ્રોહીઓનું સમર્થન ના કરો જેવા સૂત્રો પણ મોટા અવાજે પોકાર્યા હતા અને જેએનયુ મુદ્દે કોંગ્રેસના વલણની આકરી ટીકા કરી હતી.

'ભારતની યુનિવર્સિટી કેમ્પસમાં દેશ વિરોધી અને બહારના તત્ત્વો ઘુસી રાષ્ટ્રવિરોધી સુત્રોચ્ચાર કરવા, રેલીઓ કાઢવી જેવા કાર્યક્રમો કરે તે ઘટના અત્યંત નીંદનીય છે અમે તેનો સખત વિરોધ કરીએ છીએ. દરેક નાગરિકને બોલાવાની સ્વતંત્રતા જરૂર હોવી જોઈએ પરંતુ તે રાષ્ટ્ર વિરોધ સુધી તો નહીં જ.'

**- નીતિનભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ**

●●●●

'જેએનયુ ખાતે જે પ્રકારે રાષ્ટ્ર વિરોધી સૂત્રોચ્ચાર કરાયા તે આ દેશની જનતા અને ભાજપ સહન નહીં કરે, આ દેશની અસ્મિતા અને એકતા માટે લાખ્ખો દેશવાસી એ કુરબાની આપી છે અમે તેની સુરક્ષા માટે છેક સુધી ઝઝુમીશું.'

**- આશિષભાઈ દવે, ચેરમેન-ગુડા**



(તસવીર : સમીર રામી)

## વાતવાતમાં

● ગાંધીનગર મહુડી માર્ગ પર અંબોડથી આગળ બ્રિજ બનાવવાનું કાર્ય ચાલુ હોઈ ડાયવર્ઝન આપવામાં આવ્યો છે. આ ડાયવર્ઝનના કારણે વાહનચાલકોને આશરે ૩ થી ૪ કિમીના અંતરિયાળ માર્ગો પરથી પસાર થવું પડી રહ્યું છે.

● મહાત્મા મંદિર ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય પ્રવાસન સમિટ માટે શહેરના ખ રોડ સહિતના અનેક માર્ગો પરના સર્કલોએ મોટા ચોરસ આકારના બોર્ડ લગાડયા છે. એકની ઉપર એક એમ ટાવરની જેમ ઉભા કરાયેલા આ બોકસના કારણે વાહન ચાલકોને આગળનો માર્ગ જોવામાં તકલીફ પડી રહી હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

● સે-૧૦માં ગુરૂવારે સાંજે પાણી પુરવઠા ખાતાની ઓફિસના ત્રીજા માળે લીફટરૂમ નજીક આગ લાગી હતી. જેમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનુ પ્રાથમિક તારણ જણાયું છે. આગના સમાચાર મળતા જ ચીફ ફાયર ઓફિસર મહેશ માઢ તેમની ટીમ સહિત ધસી ગયા હતા.

● કોબા રોડ પર ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે નવા પ્રદેશ અધ્યક્ષની વરણીનો કાર્યક્રમ યોજાનાર છે. નવ નિયુકત પ્રદેશ પ્રમુખને અભિનંદન આપવા ગાંધીનગરના ભાજપ મહાનગર એકમના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અભિનંદન પાઠવશે.

● ગાંધીનગરના અનેક સ્થળોએ નાના મોટા ફિલ્મ શુટિંગ કાર્યો વાંરવાર જોવા મળી રહ્યા છે. આગામી બાળ ફિલ્મ મહોત્સવ માટે ગાંધીનગરના યુવા ફિલ્મકારોએ કમર કસી હોવાનું જાણવા મળ્યું છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## એમ.બી. પટેલની વિદ્યાર્થીનીઓએ ઉર્જા સંરક્ષણ જનજાગૃતિ રેલીમાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાના ધોરણ-૭ અને ૮માં અભ્યાસ કરતી પચીસ વિદ્યાર્થીનીઓએ ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી અને નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા આયોજિત ઊર્જા સંરક્ષણ અને જનજાગૃતિ રેલીમાં ભાગ લીધો હતો, જેમનું નેતૃત્વ શાળાનાં મદદનીશ શિક્ષક સ્મિતાબેન જોષીએ કર્યું હતું. વિદ્યાર્થીનીઓએ જુદા-જુદા સંકેતો દ્વારા 'ઊર્જા બચાવો' સંદેશ લોકોને પહોંચાડયો હતો. આ વિદ્યાર્થીનીઓને શાળાનાં આચાર્યા નીરૂબેન જે પટેલ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## સે-૧૬માં સ્થિત અંબિકા કોમ્યુનિકેશનમાં એસઓજીનો દરોડો : રજીસ્ટર નિભાવતા ન હોવાનું બહાર આવતા ગુનો દાખલ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એસઓજીની ટીમે સેકટર-૧૬ ખાતે સ્થિત અંબિકા કોમ્યુનીકેશનમાં દરોડો પાડયો હતો. આઈડીયા કંપનીના સિમકાર્ડ વેચાણનું રજીસ્ટર નિયમ મુજબ નિભાવવામાં આવતું ન હોવાનું બહાર આવતા અંબિકા કોમ્યુનિકેશનના માલિક સામે કાયેદસરની કાર્યવાહી કરવામાં આવી છે. એસઓજીએ દુકાનમાલિક પટેલ રાજેન્દ્રભાઈ કનૈયાલાલ (રહે. પ્લોટ નં. ૧૬૪/૧, કિસાનનગર, સે-૨૬) સામે જાહેરનામા ભંગ બદલ કલમ ૧૮૮ હેઠળ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી સેકટર-૨૧ પોલીસને સોંપી છે.

# ઘ-૨ પાસે કારે રીક્ષાને ગુંલાટી ખવડાવતા બે ને ઈજા

## રીક્ષાને ૧૦ ફુટ ઢસડીને ડિવાઈડર પર ચડાવી દીધી, રીક્ષાનો ખુડદો



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના ઘ-૨ પાસે પેટ્રોલ પંપ તરફ જવાના વળાંક પાસે અચાનક બપોરના સુમારે કારના ચાલકે કાબુ ગુમાવતા કારના ચાલકે રીક્ષાને અડફેટે લીધી હતી. કારે એટલી જોરદાર ટક્કર મારી હતી કે રીક્ષા પલટી ખાઈને ડીવાઈડર પર ચડી ગઈ હતી. ઘ માર્ગ પર અકસ્માતનો બનાવ બનતા મોટીસંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા અને થોડીવાર માટે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. આ બનાવમાં બંન્ને વાહનોને ભારે માત્રામાં નુકશાન થવા પામ્યું છે. અકસ્માતમાં રીક્ષાના ચાલક અને મુસાફરને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા હતાં.

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર નગરના કાર ચાલકો બેફામ બન્યા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે નગરમાં બે પૈડાવાળી જીંદગી ઝોખમી બની રહી છે. ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરીને વાહનચાલકો કાયદાની ઐસી તૈસી કરી રહ્યા છે. થોડા દિવસો અગાઉ એક કાર ચાલક બેફામ ગતિએ કાર હંકારતા કાર પરનો કાબુ ગુમાવતા કાર વસાહતીના મકાનમાં ઘુસી ગઈ હતી. આ બનાવને હજી ગણતરીના દિવસો થયા છે. પરંતુ નગરના માર્ગો પર અકસ્માતોના બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. નગરના પહોળા અને ચકાચક માર્ગો પર વાહનચાલકો રોકેટ ગતિએ પોતાના વાહન હંકારતા હોય છે. ત્યારે આજે બપોરના ૪ કલાકની આસપાસના સમયે ઘ-૦ થી ઘ-૩ તરફ જઈ રહેલી રીક્ષા નં- - જી.જે.વન.એ.એક્સ-૦૩૬૪ ને ઘ-૨ પેટ્રોલ પંપ તરફ જવાના રસ્તા પર ઘ-૩ થી પેટ્રોલ પંપ તરફ આવી રહેલી જી.જે.૧૮.બીબી - ૧૪૪ સેન્ટ્રો કારના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા રીક્ષાને અડફેટે લઈ ગુંલાટી ખવડાવી દીધી હતી. બંન્ને વાહનો અથડાતા મોટો અવાજ થતા આસપાસના વિસ્તારમાંથી મોટીસંખ્યામાં લોકો દોડી આવ્યા હતાં. આ અકસ્માતમાં રીક્ષાનો ભુક્કો બોલાઈ ગયો હતો અને સેન્ટ્રોને પણ ભારે નુકશાન થવા પામ્યું હતું. જયારે રીક્ષામા સવાર અમદાવાદ વેજલપુરના દિલિપ કોદરભાઈ ખાંટ (ઉં ૩૫), તેમજ રીક્ષા ચાલક સાદીક શબ્બીર રંગરેજ (રહે.દાણીલીમડા), ને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા.

# રૂપાલ સ્થિત વરદાયીની હાઈસ્કૂલમાં તસ્કરો ત્રાટકયા

## રાત્રે સુઈ ગયેલો વૉચમેન ઉઠી જતાં તેણે બુમાબુમ કરી : પોલીસ દોડી આવી પરંતુ ત્યાં સુધીમાં ચોરો ભાગી ગયા : નિવૃત્ત થઈ રહેલા આચાર્યએ વિદાય સમારંભના ખર્ચ માટે પોતાની ચેમ્બરમાં મુકેલા રૂ. ૨૫ હજાર ચોરો ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક રૂપાલ ખાતે સ્થિત વરદાયીની હાઈસ્કુલમાં રાત્રે તસ્કર ટોળકી ત્રાટકી હતી અને નિવૃત્ત થઈ રહેલા આચાર્યએ પોતાના વિદાય સમારંભમાં ખર્ચ કરવા માટે ચેમ્બરમાં મુકેલા રૂ. ૨૫ હજારની ઉઠાંતરી કરી ચોરો ભાગ્યા હતા. રાત્રે સુઈ ગયેલો વૉચમેન અચાનક ઉઠી જતા ચોરો ઘુસ્યા હોવાનું ધ્યાને આવતા બુમાબુમ કરી હતી જેને પગલે પોલીસ અને ગ્રામજનો દોડી આવ્યા હતા પરંતુ અંધારામાં ચોરો નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પેથાપુર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મહેસાણાના વિજાપુર ખાતે શ્રી રામ સોસાયટીમાં રહેતા રૂપાલ વરદાયીની હાઈસ્કુલના આચાર્ય બાબુભાઈ શાકાભાઈ પટેલ આવતા સપ્તાહમાં નિવૃત્ત થઈ રહ્યા છે. વિદાય સમારંભમાં શાળા સ્ટાફ તથા વિદ્યાર્થીઓને જમાડવા સાથે પ્રેરક વ્યાખ્યાનના કાર્યક્રમનું આયોજન કરવાનો તેમનો વિચાર હોવાથી તેના ખર્ચ પેટે આચાર્ય બાબુભાઈ પટેલે પોતાની ચેમ્બરમાં રૂ. ૨૫ હજાર રોકડા મુકી રાખ્યા હતા. ગઈ રાત્રે એક થી બે વાગ્યાના અરસામાં જયારે શાળાનો વૉચમેન નિંદ્રાધીન હતો ત્યારે ત્રણથી ચાર ચોરો શાળામાં ઘુસ્યા હતા. લોખંડના સળીયાથી આચાર્યની ચેમ્બરનું તાળુ તોડીને અંદર પડેલી તિજોરીમાંથી રૂ. ૨૫ હજાર રોકડા ઉઠાવી લીધા હતા.ચોકીદાર જાગી જતા તેણે બુમાબુમ કરી દરમિયાન પેટ્રોલીંગમાં રહેલી પેથાપુર પોલીસને મેસેજ મળતા સ્થળ પર પહોંચી ગઈ હતી. બીજી તરફ ગ્રામજનો પણ દોડી આવ્યા હતા ત્યાં સુધીમાં ચોરો રૂપિયા લઈને ફરાર થઈ ચુકયા હતા. આચાર્યની ફરિયાદ લઈ પેથાપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

આધુનિક અને સંસ્કારી નગરી ગાંધીનગર શહેરનું પાટનગર જયાં કાયદો, વ્યવસ્થા સુશાસન બધું જ વ્યવસ્થિત હોવું જોઈએ. પરંતુ ઘ-૫ વિસ્તારની આસપાસ સેકટર-૨૩ ફુટપાથ પર નિરાશ્રીતો આવી દશામાં રહે છે તો શું કહેવું...?

## ઉવારસદ રાણજીપરામાં દેશી દારૂની ભઠ્ઠી પર દરોડા

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક ઉવારસદ ગામના રાણજીપરા વિસ્તાર દેશી દારૂની ભઠ્ઠીઓ માટે નામચીન છે. અમદાવાદ વિસ્તારમાં પણ આ ગામમાંથી દેશી દારૂ સપ્લાય થતો હોય છે. અહીં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર છાશવારે પોલીસ દરોડા પાડી બુટલેગરોને પકડે છે પરંતુ બીજે દિવસે તેની તે જ સ્થિતિ થઈ જાય છે. આજે એલસીબીની ટીમે વિવિધ ભઠ્ઠીઓ પર દરોડા પાડયા હતા જે પૈકી એક ભઠ્ઠી પરથી દારૂ ગાળવા વપરાતા ૧૨૦૦ લીટર વૉશ મળી આવતા જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બુટલેગર ભઠ્ઠા પાસેથી મળી આવ્યો ન હોવાનું પોલીસનું કહેવું છે.

એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી દારૂ-જુગારની પ્રવૃત્તિઓ સદંતર બંધ રાખવા એસીબી પીઆઈ આશુતોષ પરમારની ટીમ સતત લીસ્ટેડ સ્થળો પર વોચ રાખે છે જે પૈકીનું એક ગામ ઉવારસાદ રાણજીપરા પણ છે. દેશી દારૂ ગાળવા પંકાયેલા રામજીપરા ખાતે એલસીબીની ટીમે આજે સવારે દરોડા પાડયા હતા. જેમાં કાળા લાલા ઠાકોરની ભઠ્ઠી પરથી ૧૨૦૦ લીટર દેશી દારૂ ગાળવા વાપરવામાં આવતો વૉશ મળી આવતા જપ્ત કરીને અડાલજ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સ્થળ પરથી બુટલેગર કાળા લાલા ઠાકોર મળી ન આવતા તે હજુ વોન્ટેડ છે. તેની ધરપકડ માટે પણ તજવીજ શરૂ કરવામાં આવી છે.

## બીએસએનએલ દ્વારા ટેલિફોન અદાલતનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

બીએસએનએલ દ્વારા આગામી તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ ટેલિફોન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૧૧ ટેલિફોન એકસચેન્જના સભારૂમ ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે ટેલિફોન અદાલત યોજાશે. આ આ અદાલતમાં ભાગ લેવા ઈચ્છતા ઈચ્છુકોએ તા. ૨૪મી ફેબ્રુઆરીના રોજ સુધી સબ ડીવીઝનલ એન્જિનિયર, ટેલિફોન એકસચેન્જ સેકટર-૧૧ ખાતે આ અંગેની અરજી મોકલવાની રહેશે. આ ઉપરાંત ઈમેલ એડ્રેસ sdetgnr@gmail.com ઉપર પણ આ અંગેની અરજી મોકલી શકાશે.

# મોંઘવારીમાં નોકરીયાતોની હાલત કફોડી

## નજીવા પગારમાં ઘર ચલાવવું કઠીન બન્યુ, બાળકોને ઉચ્ચ અભ્યાસ પણ કરાવી શકતા નથી, પ્રસંગ તો એક સપનું જ

ગાંધીનગર, તા.૧૮

દેશભરના સરકારી કર્મચારીઓ માટે વેતન પંચો બનેલા છે અને દેશની આર્થિક સ્થિતિ મુજબ કર્મચારીઓના વેતન માટેની ભલામણો તે કરે છે. પરંતુ દુકાનો-પેઢીઓમાં નોકરી કરતા લોકો માટે અત્યાર સુધી કોઈ જ સરકાર ચિંતીત બની નથી. નજીવા પગારમાં નોકરી કરતા આવા લોકોની હાલ કાળઝાળ મોંઘવારીમાં સ્થિતિ દયનીય બની ગઈ છે. જીજવન જરૂરી ચીજવસ્તુઓમાં પણ ચલાવી લેવાની મજબૂરી ઉભી થઈ છે. જો કે ઓછો અભ્યાસ અને ઘરની જવાબદારી થકી સામાન્ય પગારની નોકરી સ્વીકારવાની પરિસ્થિતિ આવનાર પેઢીઓને પણ ભારે સહન કરવાના સંજોગો પેદા કરી રહી છે. જેથી આ અંગે રાજય સરકારો સુચારૂ માર્ગ શોધી આવા નોકરીયાતોની જીંદગીમાં કાયા પલટ લાવે તેવી માંગ ઉઠી છે.

સરકારના પેન્શનદારોથી પણ ચોથા ભાગના પગારમાં દુકાનો-પેઢીઓ અને ખાનગી વ્યવસાયોમાં નોકરીયાતો મોટી સંખ્યામાં છે. મોંઘવારી અને પગારપંચોથી સતત વંચિત રહેતા અસંખ્ય નોકરીયાત સરકારી કર્મચારીઓના વેતન અંગેની જાહેરાતો વાંચી સાંભળીને નિસાસા નાખે છે. અંદાજીત ૨૫૦૦ થી ૩૦૦૦ રૂપિયાનો મળતો પગાર ઘરના સભ્યોને મહિનાનું ભોજન પણ પુરું પાડી શકતો નથી તો બીજી તરફ દુકાનો અને પેઢીઓના માલિકો દ્વારા કોઈ જ ધારા ધોરણ ન હોવાથી ઈચ્છા અને આવડત મુજબ પગાર આપતા હોય છે. કાળઝાળ મોંઘવારીમાં ઘર ચલાવવાના સાંસા છે ત્યારે બાળકોને ઉચ્ચ અભ્યાસ તો કરાવી જ શકાતો નથી. જેથી આવા નોકરીયાતોની પેઢી પણ નાની વયે જ નોકરીએ લાગી જઈ ઘરમાં મદદ કરવાનો મનસુબો ધરાવતી થઈ જાય છે.

વર્ષમાં આવતા ધાર્મિક તહેવારોમાં પણ સંકડામણ અનુભવતો આ વર્ગ ચલાવી લેવાની ભાવના રાખતો થઈ ગયો છે. સામાજીક વ્યવહારો સાચવવા અને મુસાફરી કરવી તે કદાચ બે ટંકના ભોજન ત્યાગ સમાન ગણાતું હોવાનું આ લોકો જણાવી રહ્યા છે. વધુમાં સરકારી કર્મચારીઓને મળતી રજાઓ, મકાનભાડુ, તહેવાર પેશગી પૈકી કોઈ જ લાભ ન મળતા હોવા છતાં નોકરી કરવી એ મજબૂરી બની છે. ઓછો અભ્યાસ કે ટેકનીકલ જાણકારી-અનુભવનો અભાવ આવી નોકરી કરવા લાચાર બનાવી દે છે. જેથી રાજય સરકાર દ્વારા આ અંગે એક સર્વે કરાવી આવા નોકરીયાતોની વ્હારે આવી ભવિષ્યની પેઢીના અને દેશના યુવાન વર્ગને જરૂરી મદદ પૂરી પાડે તેમજ દુકાનો-પેઢીઓમાં નોકરી કરતા લોકોમાં પગાર ધોરણ લાગુ પાડે તે સંજોગો આધિન બન્યું છે. વિકાસશીલ અને ગતિશીલ ગુજરાતના આ નકારાત્મક પાસાને નજર અંદાજ કરી શકાય તેમ ન હોવાનું બુધ્ધીજીવી વર્ગ માની રહ્યો છે.

## રૉટરી કલબ ઑફ કેપીટલ દ્વારા અંદાજપત્રની આલોચના માટે યોજાનાર વ્યાખ્યાન

રૉટરી ક્લબ ઑફ કેપીટલ, ગાંધીનગર દ્વારા કેન્દ્રીય અંદાજપત્રની આલોચના માટે એક વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આગામી તારીખ બીજી માર્ચ ને બુધવારના રોજ સાંજે ૬ કલાકે બ્રહ્માણીકૃપા મેમોરિયલ હોલ, સર્વ વિદ્યાલય કેમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વક્તા તરીકે ઑલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પૂર્વ પ્રમુખ ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ સુનિલભાઈ ઍચ તલાટી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેશે તથા શ્રી ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટીટ્યુટ ઑફ કૉમર્સ, નડિયાદના નિવૃત્ત આચાર્ય તથા ડિરેક્ટર, અર્થશાસ્ત્રી ગોવિંદભાઈ ઍસ શાહ ઈકોનૉમિક સર્વે અંગે વ્યાખ્યાન આપશે.

કર્મચારીઓ, સિનિયર સિટિઝન્સ, પૅન્શનર્સ, સીએ, ટૅક્સ કન્સલ્ટન્ટ્સ, વેપારીઓ તથા રસ ધરાવતા સૌ નાગરિકોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે ક્લબ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. કેશરબા હીરાજી વાઘેલા, ઉ.વ.૮૯
- સ્વ. મનુજી ચેહાજી ઠાકોર, ઉ.વ.૩૩